ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
## ગાંધીનગર

ફરીયાદી:- ભુપેન્દ્રભાઈ ધોળકીયા,
૮/૩૨૪, હનુમાન મંદિર પાસે,
ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૨.

સામાવાળા : રુદ્રાવન ક્રોપોરેશન, સુરત.
બંગલો નં-૭ નિતિનગર કેનાલ પાસે
ઉધના મગદલા રોડ
સુરત ગુજરાત
પિન કોડ: - ૩૯૫૦૦૭

પ્રોજેક્ટ : <u>રુદ્રાવન</u>

ફરીયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ :પોતે તથા વકીલશ્રી ભુપેન્દ્રભાઈ ધોળકીયા.

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : કોઈ નહી.

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧ અને ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

ફરીયાદનં :- CMP/SURAT/180412/0051

**હુકમ**

તા. ૦૬/ ૦૯/ ૨૦૧૮

1. તા.૦૫/૦૯/૨૦૧૮ ના રોજ રાખવામાં આવેલ સુનાવણી દરમ્યાન ફરીયાદ પક્ષ તરીકે ફરીયાદી પોતે તથા તેમના વકીલશ્રી ભુપેન્દ્રભાઈ ધોળકીયા હાજર રહેલ સામાવાળા તરફથી કોઈ હાજર રહેલ નથી.

2. ફરીયાદીએ તેમની ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમણે Rudravan Corporation નામના પ્રોજેકટમાં વર્ષ ૨૦૧૧-૧૨ એક દુકાન ખરીદેલ જેનું પેમેંન્ટ તેમના ધ્વારા કરવામા આવ્યું હોવા છતાં દુકાનનો કબ્જો હજુ સુધી આપવામાં આવેલ નથી. જે કબ્જો આપવા માટે તથા પ્રોજેકટ ને રેરામાં રજીસ્ટ્રેશન ના કરવા બદલ દંડ કરવામા આવે તેવી રજુઆત કરેલ છે.

3. ફરીયાદીએ તેમની ફરીયાદ સાથે દસ્તાવેજમાં તેમણે ડેવલોપરને ચુકવેલ રકમની કાચી યાદીની નોધ રજુ કરેલ છે. રૂબરૂમાં હિયરીંગ વખતે પુછતા પણ તેમણે સમગ્ર રકમ રોકડમાં ચુકવેલ છે. તથા આ રકમ આપ્યા બદલ કોઈ પહોચ પણ તેમની પાસે નથી કે તેમણે કોઈ એગ્રીમેંન્ટ ટુ સેલ કે સેલ ડિડ રજુ કરેલ નથી. હાલ આ પ્રોજેકટ શરૂ પણ થયેલ નથી ફકત જમીન છે. અને જમીન માલીક તથા ડેવલોપરનો પતો નથી તેવું પણ અરજદારશ્રી એ જણાવેલ છે. આ સમગ્ર બાબતો રેરાના કાર્યક્ષેત્રમાં આવતી નથી તેથી યોગ્ય તે કાયદા હેઠળ જરૂરી કાર્યવાહી હાથ ધરવા અરજદારને સમજણ આપવામાં આવી આમ કોઈ જ દ્સ્તાવેજી પુરાવા ફરીયાદી રજુ કરી શકેલ ન હોઈ દ્સ્તાવેજી પુરાવા વગર નિર્ણય લઈ શકાય તેમ ન હોઈ ફરીયાદીની ફરીયાદ નો નિકાલ કરવામાં આવે છે.

શ્રી પી.જે.પટેલ
મેમ્બર -૧

ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ
મેમ્બર -૨
૮|૧|૧૮